ગાંધીનગર સમાચાર
તા. ૨૬-૧૨-૨૦૧૩, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી....

### રાજધાનીમાં 'આપ'ની સરકાર

આખરે દિલ્હીમાં આમ આદમી પાર્ટીની સરકાર રચાશે અને અરવિંદ કેજરીવાલ રામલીલા મેદાનમાં મુખ્યમંત્રી પદના શપથ લેશે એ વાત નક્કી થઈ ગઈ છે. ગત આઠમી તારીખે આવેલાં ચૂંટણી પરિણામોનો જનસંદેશ એક ખંડિત જનાદેશ અને 'હંગ ઍસેમ્બ્લી' લઈ આવ્યો. ત્યારથી દિલ્હીના તખ્તે તાઊસ પર કોણ આરૂઢ થશે એ મુદ્દે અવઢવનું વાતાવરણ પ્રવર્તતું હતું. કોંગ્રેસનાં સૂપડાં સાફ થઈ ગયાં હોઈ એ કયાંય ચિત્રમાં નહોતી, છતાં નિયતિનો ખેલ તો જુઓ! બત્રીસ બેઠકો સાથે સૌથી મોટી પાર્ટી તરીકે ઊપસી આવેલ ભાજપને હવે ફરજિયાત વિપક્ષમાં બેસવું પડશે. મોટા ઉપાડે મુખ્યમંત્રીપદના દાવેદાર જાહેર કરાયેલા ચોખાલિયા ભાજપી નેતા ડૉ. હર્ષવર્ધનનો પનો ટૂંકો પડ્યો છે અને શીલી દીક્ષિત પચ્ચીસ હજારથી વધુ મતોના માર્જિનથી હારી ગયા પછી મોઢું બતાવતાં પણ શરમ અનુભવે છે, ત્યાં અઠ્ઠાવીસ બેઠકો સાથે બીજા ક્રમે આવેલી આમ આદમી પાર્ટી કોંગ્રેસના બિન શરતી ટેકા સાથે સરકાર બનાવી રહી છે. આમ આદમીના નામે મેદાનમાં ઊતરેલા પાર્ટીના ઘડવૈયા-સ્થાપક- સંયોજક અરવિંદ કેજરીવાલ માટે સૌથી મોટી દુઃખદ એ જ હશે કે જેમને તેઓ ગુરુપદે સ્થાપીને બેઠા છે તે મહાન ગાંધીવાદી નેતા અણ્ણા હજારે આજકાલ રાહુલ ગાંધીના ઓછાયા હેઠળ આવી ગયા છે. એમણે જનલોકપાલ લડતના અર્જુન સમા કેજરીવાલને આશીર્વાદ આપવાને બદલે 'નો કૉમેન્ટ' કહી મૌન રહેવાનું પસંદ કર્યું છે. ટૂંકમાં અણ્ણાને એમનું આંદોલન હાઈજેક કરી લઈ દિલ્હીમાં રાજકારણ ખેલી સત્તા હાંસલ કરનારો ચેલો અળખામણો લગી રહ્યો છે. બીજી તરફ દિલ્હીની પ્રજા માટે તો કેજરીવાલ હાજરાહજૂર દેવદૂત સમાન છે. કેજરીવાલે શરૂઆતમાં તો સરકાર બનાવવા મુદ્દે નન્નો જ પકડી રાખ્યો હતો. ચૂંટણી લડતી વખતે એ અને એમના તમામ સાથીઓ ગરજી ગરજીને કહેતા હતા કે અમે કોંગ્રેસ અને ભાજપ- બેઉને અનિષ્ટ સમજીએ છીએ. બેઉ પક્ષો ભ્રષ્ટાચારથી ખરડાયેલા છે. બેઉ એક જ ઢાલની બે બાજુઓ જેવા છે. એટલે અમે ન તો એમનો કયારેય ટેકો લઈશું કે ન એમને ટેકો આપીશું. કોંગ્રેસે બિનશરતી ટેકો આપવાની વાત કરી ત્યારે પણ એમનું વલણ બદલાયું નહોતું. એમણે અને એમના બોલકણા સાથીદારોએ તો કોંગ્રેસને બે મોઢાળા ઝેરી સાપ સાથે સરખાવીને એનો કયારેય ભરોસો ન કરાય એવી રજૂઆત કરી હતી. પ્રશ્ન પ્રજાના આગ્રહનો હતો. પ્રજામત લેવાનો આમ આદમીનો પ્રયોગ દેખીતી રીતે એક રાજકીય સ્ટંટ હતો. પ્રજા થોડી ના પાડે? હજી હમણાં તો ચૂંટણીનાં ઢોલનગારાં બંધ થયાં છે, ત્યાં વળી ખંડિત જનાદેશને પગલે નવી ચૂંટણી આવી પડે તે કોને ગમે? પરંતુ આવી નવી ચૂંટણીનું જોખમ લેવા કોંગ્રેસના આ બેઉ હરીફો તૈયાર હતા. આખરે કોંગ્રેસની શાણી રાજરમતના પગલે દિલ્હીના ઉપરાજયપાલે અને સવિશેષ તો દિલ્હીના કેજરીવાલ, કુમાર વિશ્વાસ કે હર્ષવર્ધનથી વધારે શાણા મતદારોએ આ નવેસરથી જનાદેશ માગી પ્રજાનાં નાણાંની અને સમયની બરબાદી કરવાના એમના ઈરાદા પર પાણી ફેરવી દીધું હતું. કેજરીવાલ મુખ્યમંત્રી બનવા તો ઘણા લાંબા સમયથી થનગની રહ્યા હતા, પરંતુ એ માટેનું 'ગ્રાઉન્ડ' આખરે એમને કોંગ્રેસ જ ઉપલબ્ધ કરાવ્યું છે તે પણ કેવી વિડંબના! હર્ષવર્ધન સહિતના તમામ દુખિયારા ભાજપી નેતાઓને કેજરીવાલનું રાજયારોહણ આંખની કણીની જેમ ખૂંચી રહ્યું છે, તેથી શુભકામનાઓ આપતી વેળાએ પણ એ ભ્રષ્ટાચારીઓ સાથે ભળી જઈને, એમના ટેકાથી સરકાર બનાવી રહ્યા છે, એવો ટોણો મારવાનું કે એમણે તો કોઈનો પણ ટેકો લઈશું નહીં કે આપીશું નહીં- એવી ડીંગ મારેલી, એની યાદ અપાવવાનું ચૂકતા નથી. શીલા દીક્ષિતનું મોઢું પડી ગયેલું છે, એમની શુભેચ્છામાં પણ નર્યા નિસાસા સંભળાય છે. કેજરીવાલ વારંવાર ઉધરસ ખાતા રહે છે. કાને મફલર અને માથે ટોપીવાળો નાટકવેશ સજાવીને તેઓ મુખ્યમંત્રી બનવા તૈયાર હોવાનું કહેવા રાજભવન હંકારી ગયા ત્યારે સાવ સાદી વેગન આર કારમાં ગયા હતા. આવી સાદગી અને પોલીસ રક્ષણ નહીં સ્વીકારવા જેવી બાબતોથી એ દિલ્હીના જ નહીં, દેશભરના લોકોનાં દિલ જીતી શકયા છે. પ્રશ્નો હવે શરૂ થશે. શું પોતે ચૂંટણી વખતે આપેલાં મસમોટાં વચનો પાળી શકશે ખરા? કોંગ્રેસ અને ભાજપ બેઉને ખાતરી છે કે આમ આદમી પાર્ટી એનાં વચનો પાળી શકશે નહીં. સૌથી પહેલું કામ એ રાજય સ્તરે જનલોકપાલ બિલ પસાર કરાવવાનું કરશે. કોંગ્રેસ કંઈ એમને પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવો ખેલ નહીં જ કરે. એવું કરશે તો ઊલટાની વધારે ધોવાઈ જશે. પરંતુ આ બિલ પસાર કર્યા પછી કેજરીવાલ ભ્રષ્ટાચારી કોંગ્રેસીઓ અને ભ્રષ્ટાચારી ભાજપવાળાઓ સામે તાબડતોબ ફરિયાદો મુકાવી એમને 'જેલ ભેગા' કરવાનો ઈરાદો ધરાવે છે. આ બાબત કોઈથી અજાણી નથી. કોંગ્રેસ આવા સંજોગોમાં કેજરીવાલ સરકારને આપેલો ટેકો જાળવી રાખશે ખરી? ભાજપ તો વિપક્ષે બેસી 'તીરે બેઠા જુએ તમાશો' જેવું છે. પચાસ ટકા દરે વીજળી, ૭૫૦ લિટર પાણી સુધી મફત વૉટર સપ્લાય, ઝૂંપડપટ્ટીઓને બદલે પાકાં મકાન, શાળાઓ, દવાખાનાં, કાયદો અને વ્યવસ્થાની કથળી ગયેલી વ્યવસ્થામાં સુધારો અને દિલ્હીને પૂર્ણ કદના રાજયનો દરજ્જો જેવી અનેક બાબતોમાં આ બિનઅનુભવી કર્મશીલોની જમાત કેટલી સફળ થઈ શકશે? જો કેજરીવાલ ખરેખર કંઈ કરી બતાવશે તો એ ભારતીય રાજકારણમાં 'ચમત્કાર' જ હશે. કારણ કે હવે તો રાજકારણ એક ધંધો બની ગયેલ છે અને ભ્રષ્ટાચાર એ શિષ્ટાચારનો પર્યાયવાચી શબ્દ બની ચૂકયો છે.

## સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને માણેકલાલ પટેલ મેમોરિયલ મેરિટ સ્કોલરશિપ અપાશે

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી-ગાંધીનગર દ્વારા વિવિધ વિદ્યાશાખામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શ્રી માણેકલાલ એમ. પટેલ મેમોરિયલ મેરિટ સ્કોલરશિપ એનાયત કરવામાં આવશે. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી અને ગાંધીનગરની વિવિધ વિદ્યાશાખાઓમાં ઉચ્ચ શિક્ષણ મેળવતા હોય તેવા શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને સ્કોલરશિપ આપવામાં આવશે. તા. ૧૨ જાન્યુઆરીના રોજ શેઠ ખીમજી વિરામ એન્ડ સન્સ સંસ્કાર ભવન નાથીબા કોલેજ ખાતે સવારે ૯-૦૦ કલાકે એવોર્ડ એનાયત કરવામાં આવશે. કેળવણી મંડળ દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરૂં પાડવાના હેતુ સાથે માણેકલાલ પટેલ મેમોરિયલ મેરિટ સ્કોલરશિપ આપવામાં આવે છે.

## પ્રાંતિજ તાલુકાની શેઠ એમ.કે. ઓરાણ હાઈસ્કુલ ખાતે રાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષા દિન ઉજવાયો

ચિલોડા, તા. ૨૫

રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસ નિમિત્તે પ્રાંતિજ તાલુકાની શેઠ એમ.કે. ઓરાણ ગ્રુપ હાઈસ્કુલ ખાતે રાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષા દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ પોતાની આગવી વકતવ્ય શૈલીમાં ગ્રાહક એટલે શું? ગ્રાહક સુરક્ષા દિવસની ઉજવણી શા માટે? ગ્રાહકોના અધિકારો કયા કયા છે? ગ્રાહકોએ ખરીદી વખતે કઈ કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ? વગેરે તલસ્પર્શી મુદ્દાઓની સમજણ પર વકતવ્ય રજૂ કર્યા હતા. શાળાના શિક્ષકશ્રી એમ.કે. પટેલે આ વિષય પર વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરું પાડયું હતું. શાળાના આચાર્યશ્રી ડૉ. કે.એન. રાઠોડે પણ વિદ્યાર્થીઓને ગ્રાહક સુરક્ષા અંગે વિશેષ જાણકારી આપી હતી તથા વિદ્યાર્થીઓને ગ્રાહક સુરક્ષા સંબંધિત સુત્રો બોલાવ્યા હતા. કાર્યક્રમનું સફળ આયોજન શ્રીમતી સીતાબેન જી. દેસાઈએ કર્યું હતું.

## ચિત્રકલા, શિલ્પકલા અને છબીકલાના કલાકારોને ગૌરવ પુરસ્કાર અર્પણ કરાશે

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત રાજય લલિતકલા અકાદમી વર્ષ ૨૦૧૧-૧૨નો લલિતકલા ગૌરવ પુરસ્કાર અર્પણ કાર્યક્રમ અને પુરસ્કૃત કલાકારોની કલાકૃતિઓનું પ્રદર્શનનો શુભારંભ તા. ૨૭ ડિસેમ્બર શુક્રવાર સાંજે ૫.૩૦ કલાકે ભાઈકાકા હોલ રવિશંકર રાવળ કલાભવન સામે અમદાવાદ ખાતે યોજવામાં આવશે. પ્રદર્શન તા. ૨ જાન્યુઆરી સુધી ખુલ્લું રહેશે.

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકની ગુજરાત રાજય લલિતકલા અકાદમી દ્વારા લલિતકલા ગૌરવ પુરસ્કાર વર્ષ ૨૦૧૧-૧૨નો રાજયના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રી રમણલાલ વોરાના વરદ હસ્તે અર્પણ કરવામાં આવશે.

ગૌરવ પુરસ્કાર ચિત્રકલા, શિલ્પકલા અને છબીકલાના કલાકારોને ગૌરવ પુરસ્કાર અર્પણ કરવામાં આવશે. તેમજ કલાકારોની કલાકૃતિઓનું પ્રદર્શન તા. ૨ જાન્યુઆરી સુધી જાહેર જનતા માટે બપોરે ૧૨ થી સાંજના ૭ કલાક સુધી ખુલ્લુ મુકવામાં આશે.

આ કાર્યક્રમમાં મંત્રી નાનુભાઈ વાનાણી, શ્રીમતી મીનાક્ષીબેન પટેલ મેયર અમદાવાદ, રાકેશભાઈ શાહ- ધારાસભ્ય અને ભાગ્યેશભાઈ જહા સચિવશ્રી ઉપસ્થિત રહેશે.

## 'બાપુ ગુજરાત નોલેજ વિલેજ' ખાતે આંતરરાષ્ટ્રીય સાહિત્ય સંગોષ્ઠિ યોજાશે

### સેમિનારમાં વિવિધ તજજ્ઞો સંશોધન પેપરો રજૂ કરશે

ગાંધીનગર, તા. ૨૫

સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ગાંધીનગર અને 'શબ્દસર' સાહિત્યિક સામાયિક દ્વારા તા. ૨૭ ડિસેમ્બર સવારે ૧૦-૦૦ કલાકે આંતરરાષ્ટ્રીય સંગોષ્ઠિ યોજવામાં આવશે.

બાપુ ગુજરાત નોલેજ વિલેજ વાસણ ઈન્સ્ટીટયુટ ઓફ ફાર્મસી ખાતે જાપાની, ચીની અને ભારતીય સાહિત્ય સંદર્ભે આંતરરાષ્ટ્રીય સાહિત્ય સંગોષ્ઠિનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સંગોષ્ઠિના અધ્યક્ષ સ્થાને ગુજરાત વિધાનસભા વિપક્ષના નેતા શંકરસિંહજી વાઘેલા બાપુ અને અતિથિ વિશેષ તરીકે હેમચંદ્રાચાર્ય યુનિ.ના પૂર્વ કુલપતિ ડૉ. એમ.એમ. પટેલ ઉપસ્થિત રહેશે.

આંતરરાષ્ટ્રીય સંગોષ્ઠિમાં જાણીતા શિક્ષણવિદો પોતાના વકતવ્ય રજુ કરશે. જેમાં જાણીતા સિનેમા વિશ્લેષક, કલાવિદ અને ઈતિહાસકાર અમૃત ગંગર જાપાની સિનેમા વિશે ટોકિયો યુનિ. જાપાનના પ્રોફેસર ડૉ. રિહો ઈસાકા જાપાની ભાષા-સાહિત્ય વિશે અને સેન્ટ્રલ યુનિ. ગુજરાતના પ્રોફેસર પ્રભાતકુમાર ચીની ભાષા વિશે વકતવ્ય આપશે. તેમજ બે દિવસના નેશનલ સેમિનારમાં દેશના તજજ્ઞો સંશોધન પેપરો રજૂ કરશે.

## ગેટ-૨૦૧૪ માટે પરીક્ષા બીજી ફેબ્રુઆરીએ લેવાશે

### પોસ્ટ ગ્રેજ્યુએટ કક્ષા ડિગ્રી, આઈઆઈટી જેવી પ્રતિષ્ઠિત સંસ્થામાંથી મેળવવી હોય તો ગેટની પ્રવેશ પરીક્ષા જરૂરી

અમદાવાદ, તા. ૨૫

કોઈપણ ઈજનેરી વિદ્યાશાખાની ડિગ્રી મેળવ્યા બાદ અનુસ્નાતક કક્ષાએ આઈઆઈટી (ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી)માં પ્રવેશ મેળવવા ગેટ (ગ્રેજ્યુએટ એટિટ્યુડ ટેસ્ટ ઈન એન્જિનીયરીંગ)ની પરીક્ષા લેવામાં આવે છે. ચાલુ વર્ષે આ પરીક્ષા બીજી ફેબ્રુઆરીથી દેશભરમાં યોજવામાં આવશે.

ઈજનેરી કોલેજમાં કોઈપણ વિદ્યાશાખામાં સ્નાતક ડિગ્રી મેળવ્યા બાદ અનુસ્નાતક એટલે કે પોસ્ટ ગ્રેજ્યુએટ કક્ષાની ડિગ્રી, આઈઆઈટી જેવી પ્રતિષ્ઠિત સંસ્થામાંથી મેળવવી હોય તો ગેટની પ્રવેશ પરીક્ષા પાસ કરતી ફરજીયાત છે જેનાં કારણે દેશભરની ઈજનેરી કોલેજના પાંચમાં અને સાતમાં સેમેસ્ટરમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપે છે ત્યારે આ વર્ષે આ પરીક્ષા બીજી ફેબ્રુઆરી-૨૦૧૪ના રોજ લેવામાં આવશે જેમાં કેટલાક પેપર ૧૫ અને ૧૬ ફેબ્રુઆરી તેમજ ૧ અને ૨ માર્ચ ૨૦૧૪ના રોજ લેવામાં આવશે. ગેટની પરીક્ષા બે સેશનમાં લેવામાં આવનારી છે. જેમાં સવારના સેશનમાં ૯:૦૦ થી ૧૨:૦૦ કલાક સુધી પેપર લેવાશે જ્યારે બપોરના સેશનમાં ૨:૦૦ થી ૫:૦૦ કલાક દરમ્યાન પેપર લેવામાં આવશે. અત્યાર સુધી આ પરીક્ષામાં ૨૧ વિષયોનો સમાવેશ થતો હતો. જો કે ચાલુ વર્ષ ઈકોલોજી એન્ડ ઈવોલ્યુશન નામનો વધુ એક વિષયનો સમાવેશ કરાતા કુલ બાવીસ વિષયોની પરીક્ષા લેવામાં આવશે. આ પરીક્ષામાં જનરલ એટિટ્યુડ, અંગ્રેજી તેમજ ઈજનેરી ગણિતના ૩૦ માર્ક ઉપરાંત જે તે સ્પેશિયલાઈઝેશન વિષય સહિત કોર્ષને વણી લેતું પેપર હોય છે. ગુજરાતમાં ગેટની પરીક્ષા ચાર સેન્ટરો ખાતે યોજવામાં આવશે જેમાં અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટનો સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે ચાલુ વર્ષે ગેટની પરીક્ષા માટે પ્રવેશ ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ત્રણ ઓકટોબર હતી જેમાં પરીક્ષાનું સેન્ટર બદલવા માટે વિદ્યાર્થીઓને ૨૦ નવેમ્બર-૨૦૧૩ સુધીનો સમય આપવામાં આવ્યો હતો.

## કડી સ્કૂલના વિદ્યાર્થીઓ ખેલ મહાકુંભમાં રાજ્યકક્ષાએ ક્વોલિફાય થયા

ગાંધીનગર, તા. ૨૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શેઠ સી. એમ. હાઈસ્કૂલના ખેલાડીઓએ ખેલ મહાકુંભની જિલ્લા કક્ષાની સ્પર્ધામાં પુરસ્કારો મેળવ્યા હતા. ખેલ મહાકુંભ અંતર્ગત યોજાયેલી ખો-ખો અને કબડ્ડી સ્પર્ધામાં શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં જિલ્લા કક્ષાની ખો-ખો સ્પર્ધામાં અને કબડ્ડી સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કરતા રાજ્યકક્ષાની સ્પર્ધામાં પસંદગી પામ્યા છે. શાળાના વિદ્યાર્થીઓની રાજ્યકક્ષાની સ્પર્ધામાં પસંદગી થવાથી શાળા પરિવાર દ્વારા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે.

## સીબીએસસીની દરેક શાળામાં વિદ્યાર્થી લોકપાલ નિમાશે

### સીબીએસઈ દ્વારા છેલ્લા ઘણા સમયથી શિક્ષણ પદ્ધતિમાં મોટાપાયે ફેરફારો કરવા માટેની કવાયત ચાલી રહી છે

અમદાવાદ, તા. ૨૫

છેલ્લા કેટલાક વર્ષોથી વિવાદના પાટે ચડેલ લોકપાલ બીલ આખરે રાજ્યસભા અને લોકસભામાંથી પાસ થઈ ગયું. હવે રાષ્ટ્રપતિની મંજુરી બાદ લોકપાલ કાયદો બની શકશે. આજ વિચારને હવે શાળા કક્ષાએ પણ અમલ કરવામાં આવી રહ્યો છે. સેન્ટ્રલ સ્કુલ બોર્ડ દ્વારા દરેક શાળામાં વિદ્યાર્થી લોકપાલ નિમવા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

સીબીએસઈ બોર્ડ દ્વારા છેલ્લા કેટલાક સમયથી શિક્ષણ પદ્ધતિમાં મોટાપાયે ફેરફારો કરવાની કવાયત ચાલી રહી છે ત્યારે સીબીએસઈની અભ્યાસક્રમ નિમણુંક કરવાનો પ્રસ્તાવ મંજુર કરવામાં આવ્યો છે જે અંતર્ગત સીબીએસઈ બોર્ડ અંતર્ગત આવતી શાળાઓમાં વિદ્યાર્થી લોકપાસ નિમવાની કવાયત હાથ ધરવામાં આવી છે. આ અંતર્ગત કોઈપણ વિદ્યાર્થી લોકપાલ સમક્ષ ફરીયાદ કરી શકશે. શાળાઓનાં ઘાસવાર રેગીંગના બનાવો પ્રકાશમાં આવે છે. ક્યારેક શાળાના શિક્ષક દ્વારા વિદ્યાર્થીઓને જાણી જોઈને કનડગત કરાતી હોવાના બનાવો પણ સામે આવે છે ત્યારે આવી ઘટનાઓ અટકાવવા માટે સેન્ટ્રલ સ્કુલબોર્ડ દ્વારા વિદ્યાર્થી લોકપાલની નિમણુંક કરવાનો નિર્ણય કરાયો છે.

આ વિદ્યાર્થી લોકપાલની સાથે તેની સ્વતંત્ર ગર્વનિંગ કાઉન્સીલની પણ રચના કરવામાં આવશે. આ કાઉન્સિલ વિદ્યાર્થીઓની ફરીયાદો અંગે તપાસ કરવામાં વિદ્યાર્થીઓની ફરીયાદનો ઝડપી અને નિષ્પક્ષ નિકાલ લાવવામાં આવશે. આ સમગ્ર પ્રક્રિયાના અમલીકરણ માટે આચારસહીતા પણ તૈયાર કરવામાં આવશે. વિદ્યાર્થી લોકપાલ અને તેની કાઉન્સિલની પસંદગી વિદ્યાર્થીઓ જ કરશે તેમની સૂચનાઓમાં શાળાના શિક્ષકો કે સંચાલકો કોઈ હસ્તક્ષેપ કરી શકશે નહીં. ઉલ્લેખનીય છે કે શાળાઓમાં દરેક કલાસમાં મોનિટર નિમવાની પરંપરા પહેલેથી જ ચાલી રહી છે જે મુજબ હવે શાળા કક્ષાએ વિદ્યાર્થી લોકપાલની નિમણુંક કરાશે.

## હરિની દૃષ્ટિ...




લાઈટ સામે ન જોતો, હું કહું એટલે દોડવા મંડજે... ટ્રાફીક લાઈટ શહેરનાં બ્યુટી ફીકેશન માટે છે...!!

## સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ... વિદ્યાર્થીઓ અને શિક્ષકો સૌનું પરફોર્મન્સ પાવરફુલ...

### મધર ટેરેસાના પાવન પગલાથી પવિત્ર થયેલી ગાંધીનગરની પ્રથમ ખાનગી શાળાનો ૪૫ વર્ષનો સતત ઉપર ચઢતો સાતત્ય ભર્યો ગ્રાફ : વિદ્યાર્થીઓના વહાલા પ્રિન્સીપાલ ફાધર હેક્ટર પિન્ટો એટલે પ્રભુ ઈશુ જેવા પ્રેમાળ અને સદાય સૌને મદદરૂપ થતાં આધુનિક સાન્તાક્લોઝનાં અવતાર

ગાંધીનગરએ શિક્ષણનું હબ બની રહ્યું છે, એક જમાનામાં જયારે ગાંધીનગરમાં એકમાત્ર ખાનગી શાળા હતી ત્યાં આજે લગભગ દરેક સેકટરે એક એક ખાનગી શાળા, ટયુશન કલાસીસ અને બે-ચાર યુનિવર્સિટીઓ સ્થપાઈ ચૂકી છે. વિદ્યાર્થીઓને પોતાની સ્કૂલમાં ખેંચી લાવવાં માર્કેટીંગ સ્ટ્રેટેજી અપનાવાય છે, એવામાં ગાંધીનગરની પ્રથમ ખાનગી શાળા કે જેમાં ભણવું એ ગૌરવની બાબત ગણાય છે એ આજેય અડીખમ અને ૪૫ વર્ષથી સતત સાતત્ય ભર્યો ચઢતો ગ્રાફ ધરાવે છે. એમાંથી ભણીને બહાર પડેલા હોનહાર વિદ્યાર્થીએ ગાંધીનગરમાં અનેક જગ્યાએ સન્માનનીય સ્થાન ધરાવે છે અને એમનાંય સંતાનો એમનાંજ પગલે અગ્રેસર છે એવી સ્કૂલ એટલે સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ.

ગાંધીનગરની સ્થાપના બાદ ગુજરાત સરકારનાં આમંત્રણને માન આપીને ઝેવિયર્સ- કાર્મેલ એવાં નામ સાથે ૧૫-૬-૧૯૭૦નાં રોજ સે.-૨૦ની સરકારી શાળાના બિલ્ડીંગમાં સેન્ટ ઝેવિયર્સની સ્થાપના થઈ. આજ તારીખે સે.-૧૬ની સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા પણ થયેલી એટલે ગાંધીનગરની પ્રથમ સરકારી અને ખાનગી બંને શાળા એક જ દિવસે શરૂ થવાનો યોગાનુયોગ બન્યો. ગાંધીનગરની પ્રથમ ખાનગી સ્કૂલ સેન્ટ ઝેવિયર્સ પ્રિ. હતાં ફાધર ચાર્લ્સ ગોમ્સ જેમનાં વિઝન નીચે સેન્ટ ઝેવિયર્સનો વિકાસ થયો. પ્રથમ વર્ષે જ એ શાળા જિલ્લા કક્ષાની ખો-ખો, કબડ્ડી અને એથ્લેટીક્સની સ્પર્ધા યોજાઈ અને એનું આયોજન વખણાયું અને એનાથી પ્રોત્સાહિત થયેલાં ફાધરે પછી તો સ્કૂલ સ્પોર્ટસ ડેની ઉજવણી ચાલુ કરી તે છેક આજ સુધી સ્પોટર્સ ડે દબદબાભેર ઉજવવાની પરંપરા જળવાઈ રહી છે.

સે-૨૦ની એ સેન્ટ ઝેવિયર્સમાં પછી તો સિસ્ટર લોયેલા, ફાધર ડિસોઝા, ફાધર પિન્ટો, બ્રધર હેરી જેવાં સમર્પિત પ્રિન્સિપાલ આવતાં ગયા અને એ વર્ષોમાં શૈક્ષણિક ક્ષેત્રે સેન્ટ ઝેવિયર્સ દબદબો ભોગવ્યો. ગુજરાત રાજયનાં બોર્ડનાં ટૉપરમાં ૧૦-૧૨માંનો એક- બે વિદ્યાર્થીઓ દર વર્ષે ઝળકતાં રહેલાં. એ વખતે જ્યારે સમગ્ર બોર્ડ અને અન્ય શાળાનું પરિણામ લાવતી. સેન્ટ ઝેવિયર્સમાં ભણવું એટલે એક ગૌરવની બાબત ગણાતી. એ સે-૨૦નાં બેન્ચ પર ભણીને તૈયાર થયેલા અગણીત વિદ્યાર્થીઓ આજે સમાજમાં સન્માનીય જગ્યાએ આરૂઢ છે.

સેકટર-૮માં આવેલી સેન્ટ ઝેવિયર્સ ૧૯૮૨થી કાર્યરક થઈ. વિશાળ મેદાન અને જે આર્કિટેકે અમદાવાદ આય.આય.એમની ડિઝાઈન કરી છે. એમણે જ સેન્ટ ઝેવિયર્સની ડિઝાઈન બનાવી છે. રમતગમત અને ઈતર પ્રવૃત્તિને પ્રાધાન્ય આપતી આ સ્કૂલે એમનાં મેદાન યથાવત રાખ્યાં છે, અન્ય શૈક્ષણિક સંસ્થા મેદાનનાં ભોગે સંકુલો ઉભાં કરે છે ત્યારે આમણે એ મોહ જતો કર્યો છે. સેન્ટ ઝેવિયર્સનાં ખેલાડીઓ રાજય અના રાષ્ટ્રકક્ષાએ અનેકવાર મેડલ જીતી આવ્યા છે.

સમાજસેવાના કરૂણામૂર્તિ સમાન મધર ટેરેસાએ પ્રથમવાર સે.-૨૦ની સેન્ટ ઝેવિયર્સમાં પધારેલાં જેની વધુમાહિતી તો ઉપલબ્ધ નથી પણ ૧૯૯૫માં ફરી તેઓ સે.-૮ની સ્કૂલમાં એમનાં પાવન પગલાંની સ્કૂલને પવિત્ર કરી હતી. આજ વર્ષે શાળાનાં નવાં પ્રિન્સીપાલ તરીકે આવેલા ફાધર હેકટર પિન્ટોએ મધર ટેરેસાને સત્કારવાનો એક સુંદર કાર્યક્રમ કર્યો હતો. મધર ટેરેસાનું સન્માન જે વિદ્યાર્થીના હસ્તે થયેલું એ પ્રદ્યુમ્ન મહાજની આ.આય.ટી.નો વિદ્યાર્થી બની આજે મલ્ટીનેશનલ કંપનીમાં સેટલ છે.



યશગાથા
—સંજય થોરાત

hellogandhinagar@gmail.com



સેન્ટ ઝેવિયર્સ સ્કૂલનાં ટૉપર્સ અને હોનહાપ વિદ્યાર્થીઓ પૈકી ડૉ. ગુંજન જૈન, ડૉ. દર્શન પંડ્યા, ડૉ. અમીત શાહ, ડૉ. ભાવીન ભટ્ટ, ડૉ. ભાવે, ડૉ. રાજન દોશી, ડૉ. પ્રણવ ખારોડ, ડૉ. હેમાંગ બક્ષી, ડૉ. ઉર્મીલ વેદ, કેતન મહેતા, જ્યોતિષ ભટ્ટ, અતૂલ અમીન, સુકેતુ મહેતા, ડૉ. અમી શાહ, પ્રદ્યુમ્ન મહાજની, પાર્થ શાહ, ડૉ. દેવાંગ ઠક્કર, ડૉ. અલ્પેશ ચાવડા, ડૉ. મુકેશ જોશી, મહેબુબ પઠાણ... કદાચ આ યાદીની આખી સપ્લીમેન્ટરી ભરવી પડે એટલાં બધાં વિદ્યાર્થીઓએ આ શાળા અને આપણાં શહેરને ગૌરવ અપાવ્યું છે.

આ બધાં વિદ્યાર્થીઓનાં ઘડતરમાં ભાગ ભજવનારાં શિક્ષકોમાં રમોલા, શૈલેષ પંડ્યા, ભગવાન પટેલ, દીના ભટ્ટ, અપર્ણા દવે, કુંદન દવે, પ્રતિમા જોશી, ધર્મા... આમાં પ્રિ. પ્રાયમરી- પ્રાયમરીનાં તો અનેક નામો જોડી શકાય, દરેક શિક્ષકો અને વિદ્યાર્થીઓનું બ્યુટીફુલ ટ્યુનીંગ અને એની ફલશ્રુતી એટલે સમાજનાં શ્રેષ્ઠ શિક્ષિત નાગરિકોનું ઘડતર...

સેન્ટ ઝેવિયર્સની સ્થાપનાથી જોડાયેલા પરમાર સર અને અશોક સર નિવૃત્તિ બાદ પણ સ્કૂલને એમની સેવાઓ આપી રહ્યા છે. જેઓ આ સ્કૂલના ભવ્ય ઈતિહાસનાં જીવતાં જાગતાં સાક્ષી છે.

ગાંધીનગરમાં થતી કોઈપણ રચનાત્મક પ્રવૃત્તિમાં આ શાળાનો સહયોગ અવશ્ય હોય જ છે. વિજ્ઞાન મેળો, ખેલ મહાકુંભ, એથ્લીટીક્સ, બાસ્કેટબોલ, ફુટબોલ, ફિલાટેલી ડે કે પછી કલ્ચરલ ફોરમનું સાહિત્ય પર્વ ઝેવિયર્સ યજમાન પણ બને સુંદર વ્યવસ્થા પણ કરે. અવનવાં ડે અને શિક્ષણ સાથે ઈતર પ્રવૃત્તિને ધમધોકાર ચલાવતી અને વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ કરવાં અગ્રેસર રહેતી સેન્ટ ઝેવિયર્સ ગાંધીનગરની શૈક્ષણિક સંસ્થાઓની ભિષ્મ પિતામહ જેવી છે.

સેન્ટ ઝેવિયર્સનાં હાલનાં પ્રિન્સીપાલ ફાધર હેકટર પિન્ટો એ આ શાળામાં સૌથી લાંબી કરિયર ધરાવતાં પ્રિન્સીપાલ છે તેઓ છેલ્લાં ૧૮ વર્ષથી અહી કાર્યરત છે. સ્વભાવે અતિ પ્રેમાળ પ્રભુ ઈશુની યાદ અપાવે એવાં, નિખાલસ, સદાય મદદ કરવાં તત્પર, કોઈપણ પ્રવૃત્તિની વાત હોય એમનાં દિલનાં અને સ્કૂલનાં દરવાજા સદાય આવકારવાં ખુલ્લા હોય. સેલિબ્રેશન તો દરેક વાતનું સજ્જડ. એમનો સ્પોર્ટ્સ ડે અને એન્યુઅલ ગેધરીંગનાં કાર્યક્રમ એટલે બીગ ઈવેન્ટ. જો સ્પોર્ટસ ડે જુવો તો રાજયકક્ષાની સ્પર્ધાને તોલે આવે એવો અને એમાં ભાગ લેતાં ખેલાડીઓનાં રેકોર્ડ પણ એજ કક્ષાનાં. સાંસ્કૃતિ કાર્યક્રમો પણ અદ્ભુત અને વર્ષો પહેલાંની પ્રખ્યાત હિરોઈન આશા પારેખ પણ સ્કૂલની મુલાકાત લેતી. ફાધર હેકટર પિન્ટો એટલે દરેકને મદદરૂપ થાય અને કંઈક આપવાની ભાવનાં એટલે એ આધુનિક સાન્તાકલૉઝનાં અવતાર જેવાં જ લાગે...

સેન્ટ ઝેવિયર્સનાં પ્રાર્થના હોલમાં ઘટાદાર વૃક્ષો છે જે આશ્રમ શિક્ષણની યાદ અપાવે છે. સોશ્યલ નેટવર્કીંગનો જમાનો છે એનો ફાયદો ઉઠાવી સ્કૂલના ૧૯૮૫ની બેચના વિદ્યાર્થીઓએ પ્રથમવાર કેમ્બેમાં ગેધરીંગ ગોઠવ્યું એ વાતનો પ્રચાર થતાં પછી તો અન્ય બેચનાં વિદ્યાર્થીઓ આગળ આવ્યાં અને ભૂતકાળનાં સંસ્મરણો તાજા કરવાનો નવો રસ્તો મળી ગયો. અત્યારે તો આ પ્રવૃત્તિનો સજ્જડ રિસ્પોન્સ જોતા એકસ ઝેવિયેરા એસોસિએશનની સ્થાપના કરવામાં આવી છે એમાં ઝેવિયર્સના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ઉત્સાહથી જોડાઈ રહ્યાં છે. સ્કૂલમાંથી ભણીને ડૉકટર થયેલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ નવાં વર્ષને વેલકમ કરવાં એક ભવ્ય મેડિકલ કેમ્પનું આયોજન કરવા જઈ રહ્યાં છે.

આજે નાતાલ છે અને મધર મેરી તેમજ પ્રભુ ઈશુ આ સેન્ટ ઝેવિયર્સ સ્કૂલનાં સર્વે વિદ્યાર્થીઓ અને શિક્ષકોને એમનાં યોગદાન થકી સમાજમાં શ્રેષ્ઠ નાગરીકો આપવા બદલ પુષ્પવૃષ્ટી કરે એમ જ સમજવું. ૪૫ વર્ષ સુધી અનેકવિધ પ્રવૃત્તિ દ્વારા ગાંધીનગરમાં પોતાનું વિશિષ્ટ સ્થાન ટકાવી રાખનારી સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ આવનારાં વર્ષોમાં હજીયે ઉજ્જવળ પ્રગતિ કરે એની શુભકામનાઓ...